ૐ

બ્રહ્મતત્ત્વ મહત્તા.

(ધર્મબોધ.)

રચનાર,

જોશી હંસરાજ વિષ્ણુરામ, રહેવાશી સોઇજ.

જનહિતાર્થે છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી માધવપુર નિવાસી

જાની મોહનલાલ કલ્યાણજી ભાણજી શર્મા.

ઠે. જુની હનુમાન ક્રોસ ગલી, ભગવાનદાસ શીવજીનો માળો.

સંવત ૧૯૭૦. આવૃતી ૧ લી પ્રત ૧૦૦૦. શને ૧૯૧૪.

બ્રહ્મતત્ત્વ સંભાળીને, રાખોને નિજ ધર્મ;
ધર્મ આપણો એજ કે, કરવાનાં બહૂ કર્મ.

અમૂલ્ય.

રતિલાલ હરજીવન પટેલે શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું
નં. ૯. અનંતવાડી મુંબઇ. ૨.

॥ ओ३म् ॥



જોશી હંસરાજ વિષ્ણુરામ—શ્રી ગાયત્રી પત્ર પ્રકાશક.

મુ. લોએજ. તાબે માંગરોળ (કાઠીયાવાડ).

Krishna Press, Bombay. 2

અર્પણ પત્રિકા.



शुद्धब्रह्मविचारसारपरमा माद्याजगद्व्यापिनीम् ।
वीणापुस्तकधारिणीमभयदां जाड्यान्धकारापहाम् ॥
हस्तेस्फाटिक मालिका विदधतीं पद्मासनेसंस्थिताम् ।
वन्देतां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदांशारदाम ॥

ૐ

સદા આત્મજ્ઞાની
જીવ્હાગ્રે બીરાજેલાં
વેદનું ભાન કરાવનારાં આદ્ય
શક્તિ, જગતંબા, જગત જનુંની, અનંત રૂપાન્તર,
ધરનાર, વેદમાતા આત્મતેજને
ઝળકાવનાર જ્યોતિમાંતુ
"ગાયત્રી" ના ચર્ણાવીદમાં
સમર્પણ થાઓ.

આપનો કૃપાકાંક્ષિ પાદ પૂજક સેવક,

ના શાક્ષાત્ દંડવત્ પ્રણામ.

(જતા બ્રહ્મતત્ત્વને હાથ કરો ને પ્રમાદ છોડો.)

પ્રસ્તાવના.

પ્રિય વાંચક વૃંદ, મારા સ્નેહિ બન્ધુઓ જાગૃત થાઓ, ઇર્ષા અને દ્વિધ્ર્વસત્રતાનો નાશ કરો. ચેતો, ચેતો, ચેતો શરીર સ્વસ્થ હોય ત્યારે શ્રેય સંપાદન માટે યત્ન કરવો. તેને માટે શ્રીભર્તૃહરી વૈરાગ્ય શતક પુષ્ટ ૧૫૫ શ્લોક ૮૫ માં જણાવે છે કેઃ—

यावत्स्वस्थमिदं कलेवर गृहं यावच्च दूरेजरा
यावच्चेन्द्रियशक्तिर प्रतिहता यावत्क्षयोनायुषः ।
आत्मश्रेयसितावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
प्रोद्दीप्ते भवनेतुकुपखननं प्रत्युद्यमः कीदृशः ॥ ८९ ॥

જ્યાંસુધી આ શરીર રોગ રહિત હોય અને વ્યાકુળ ન હોય, જ્યાં સુધી ઘડપણ ન આવ્યું હોય, જ્યાંસુધી ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ ન હોય અને જ્યાં સુધી આયુષ્ય ક્ષીણ ન થઇ ગયું હોય. ત્યાં સુધી વિદ્વાને આત્માના કલ્યાણમાં યત્ન કરવો, કારણ કે ઘર બળતું હોય ત્યારે કૂવો ખોદવો એ કેવો ઉદ્યમ કહેવાય ?

બન્ધુઓ ! આ પુસ્તક બનાવવાનો હેતુ દ્રવ્ય પ્રાપ્ત કરવાનો નથી, પણ ધર્માભિવૃદ્ધિને માટે છે, કારણ કે હાલમાં કેટલાએક દ્વિજો

કર્મકાન્ડથી વિમુખ જોવામાં આવે છે. તેમ શ્રદ્ધાહિન પણ થએલા છે, અને પૂર્વાભિમાન જરા પણ જોવામાં આવતું નથી. હું જાણું છું કેઃ— અત્યારે સમય ઘણોજ બારીક છે, આવક ઓછી છે ને ખર્ચ વધતા જાય છે, તેથી વ્યવહારીક કાર્ય ઘણી વિટંબના ભોગવતાં થાય, તો પારમાર્થીક કેમ કરવું ? પરંતું ભાઈઓ કાર્યનો વખત બાંધી અરધો કલાક જરા વહેલા ઉઠી સાત્વીકી વૃત્તિથી પ્રભુ પરાયણ થવા ચુકવું નહિ. જો આવી મનોવૃત્તિ વધારશો તો પ્રભુ તમોને કદી ભુલશે નહીંજ. માટે શ્રધ્ધા વધારી કર્તવ્યપરાયણ થાઓ. અને બીજાઓને સુમાર્ગ બતાવી કૃતાર્થ થાઓ. કૃતાર્થી કોણ ?

विश्वेश्वरो भवति विश्वजनीनजन्मा

विश्वंभरे भग ति प्रथितप्रभावे ।

पोदत्तचित्तविषयः सुकृती कृतार्थी

यत्रक्वचित्प्रातिदिनं मिवसन्गृहादौ ॥ १८ ॥

જ્યાં ત્યાં, ઘરમાં કે વનમાં, પર્વતની ગુફામાં કે ખુલ્લા પ્રદેશમાં ગૃહસ્થાશ્રમમાં કે વાનપ્રસ્થાશ્રમમાં, જે પુરૂષ વિશ્વના ઇશ્વર, વિશ્વનું હિત કરનારા, વિશ્વનું ધારણ પોષણ કરનારા, પ્રખ્યાત પ્રભાવવાળા પરમાત્મા વિષે મનને અર્પણ કરે છે તે પુરૂષનેજ પુણ્યવાન્ અને કૃત કૃત્ય જાણવો. એજ વિજ્ઞપ્તિ અસ્તુ.

સંવત ૧૯૭૦ }
અક્ષય તૃતિયા. } મુંબઈ

હું છું,
આપનો હિતચિંતક.

ઉપોદ્ઘાત.

स्थितोमृत्युमुखेश्वाहं क्षणमायुर्ममास्तिन् ।

इतिमत्वादानधर्मो यथेष्टौतुसमाचरेत् ॥

શુક્રનીતિ અ૦ ૩જો

હું મૃત્યુનાં મુખમાં રહ્યો છઉં, મારૂં આયુષ્ય ક્ષણ માત્ર નથી. એમ માની યથેષ્ટ દાન ધર્મ આચરવાં.

વિદ્યાની પડતી અને અશ્રદ્ધાનું કારણ.

આપણા પૂર્વજો વિદ્યાથી ભરપૂર હતા, અને શ્રધ્ધા રાખી કર્તવ્ય પરાયણ રહેતા પરંતુ તે સમય આજે કયાં ગયો ? તેનું કારણ એજ કે, પૂર્વે સંસ્કૃત વિદ્યાનો પ્રચાર ઘણો હતો અને આપણા વડીલ ઋષિ મુનિઓ તેજ મથન કરતા. શિશુઓને યજ્ઞોપવિત ધારણ થયું કે, બ્રહ્મચર્ય પાલન કરાવી વિદ્યાર્થી દ્વિજ કુમારોને ઘરનાં ઢેબરાં ખવરાવી વિદ્યા દાન આપી ઉત્કંઠીત બનાવતા હતા. કેમકે વિદ્યાનું દાન અતિ શ્રેષ્ટ કહ્યું છે. વિષ્ણુશર્મા પોતાના ગ્રંથમાં લખે છે કેઃ—

विद्यादाददातित्रिनयं त्रिनयाद्यातिपात्रताम् ।

पात्रत्वाद्धनमाप्नोति धनाद्धर्म ततःसुखम् ॥ १ ॥

अन्नदानात्परंदानं विद्यादानमतः परम् ।

अन्नेनक्षणिकातृप्तिर्यावज्जांवंतुविद्यया ॥ २ ॥

અર્થ—મનુષ્યને વિદ્યા વિનય આપે છે, ને વિનયથી તે વ્યવહારમાં પાત્ર અર્થાત લોકોના વિશ્વાસને યોગ્ય થાય છે. જેથી ધન મેળવી શકે છે. અને ધનથી પરોપકાર થઇ શકે. અને તેથી અંતઃકરણને સુખ થાય છે. (૧)

(૨) સર્વે દાનથી અન્ન દાન શ્રેષ્ટ છે, ને વિદ્યાદાન તેથી પણ શ્રેષ્ટ છે. કેમ કે અન્નવડે તો ઘડીકજ તૃપ્ત થાય છે. પણ વિદ્યા વડે તો જીંદગિ પર્યંત તૃપ્તી રહે છે.

આવી જે વિદ્યા તે પૂર્વના દત્ત ફળવાથી મહા પુરૂષોનેજ મળે છે. એવા શ્રેષ્ઠ સજ્જન પાસે કોઇ જીજ્ઞાસુ વિદ્યા સંપાદન કરવા જાય તો પૈસાના લોભથી દ્રવ્ય લઇ વિદ્યા ભણાવે છે અથવા રખે મારા આડો પડી આવકમાં વિઘ્ન કરે એવા હેતુથી ઇર્ષા લાવી તેનો તિરસ્કાર કરી તરછોડી કાઢે છે જેથી દિન દિન પ્રત્યે વિદ્યા ઓછી થતી જાય છે. વિદ્યાહિન હોવાથી અન્ય મનુષ્ય (વર્ણ) ને ઋષિકુમારો પ્રત્યે અશ્રધ્ધા ઉત્પન્ન થાય એમાં નવાઇ નથી. માટેઃ—

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ।

तेमर्त्यलोके भुविभारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ १३ ॥

જેઓને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સારો સ્વભાવ, ગુણ કે ધર્મ કાંઇ પણ નથી, તેઓ પૃથ્વીને ભાર આપનાર પશુ રૂપ છે, છતાં મૃત્યું લોકમાં મનુષ્ય રૂપે ફરે છે, આવું જાણી તે પ્રમાણે વર્તન ધરી ધરાવી પૂર્વજોની ફરજ અદા કરો અને સુખી રહો.

વિજ્ઞપ્તિ.

ब्रह्मामृतं भजसदा सहजप्रकाशं ।
सर्वान्तरं निरवधि प्रथितप्रभावं ॥
यद्यस्ति ते जिगमिषा सहसाभवाब्धेः ।
पारेपरे परमशर्माणि निष्कलङ्के ॥ २९ ॥

ભ. વિ. શ. પૃષ્ટ ૧૮૭

અર્થ—હે જીવ ! તારે જો એકદમ સંસાર રૂપી સાગરને તરી જઇને તેને પેલે તીર, કે જે સર્વ જાતના ક્લેશોથી રહિત અને પરમ કલ્યાણકારક છે. ત્યાં જવાની ઇચ્છા હોય તો સ્વાભાવિક રીતેજ પ્રકાશ રૂપ, સર્વના અંતઃકરણમાં બિરાજમાન, અનંત (છેડા વિનાના) મહા પ્રખ્યાત, પ્રભાવવાળા અવિનાશી પરબ્રહ્મનું સદા ભજન કર.

સૃષ્ટિમાં જન્મ ધારણ કરી દરેક મનુષ્યે પોતાની ફરજ બજાવવી એવો ઇશ્વરી નિયમ છે, તે નિયમને અનુસરી જડ બુદ્ધિથી એટલે કે; હું પિંગળ જાણતો નથી, તેમ સંસ્કૃત જાણતો નથી, તેમ લેખક નથી પરંતુ કેટલાક વિદ્વાનોના પરિચયથી અને સમાગમ સત્સંગથી આ હૃદયોદ્દગાર ને પેટબળતરાથી અસલ પૂર્વજોની રીત ભાત જોઇ વાંચનના પરિચયથી જે આ લેખ લખાએલો છે તે

સુજ્ઞ બન્ધુઓ ! બાળકના તુટતા, કાલાઘેલા, શબ્દો તરફ નજર નહિં ફેંકતાં સ્વીકાર કરી સુધારીને વાંચશો અને ભુલચુક દર ગુજર કરી ક્ષમા આપશો એ નમ્ર પ્રાર્થના છે.

મારૂં એમ કહેવું નથી કે દરેક દ્વિજો કર્મ ભ્રષ્ટ થયા હોય ! પરંતુ જે પ્રમાદથી ધર્મ માર્ગમાં પછાત છે, તેને રહસ્ય સમજાવવા. અને બોધ માટેજ આ લેખ છે. આ લેખ મારી મોટાઇને માટે નથી, ઉદર નિમિતે નથી, તેમ કોઇને ધિઃકારવા માટે નથી પરંતુ નમ્રતાઇથી દ્વિકર જોડી વિનંતિ કરૂં છું કે; આ લેખ વાંચી સ્વધર્મનિષ્ટ થઇ, પૂર્વજોનો માન મરતબો સાચવી ધર્મનું સંરક્ષણ કરો. અને બ્રહ્મામૃત પાન કરી કર્તવ્ય પરાયણ થાઓ. અસ્તુ.

લી૦ હું છું. કર્ત્તા,

☞ આ પુસ્તક મળવાનું ઠેકાણું:- કર્ત્તા હંસરાજ વિષ્ણુરામ જોશી પાસેથી નળ બજાર કુંભારવાડા ૨ ગલી પોષ્ટ નં. ૪ દુર્ગાદેવી સ્કુલમાં.

બ્રહ્મતત્ત્વ મહત્તા.

મંગલાચરણ.

લેખારંભે સમરૂં હું ગણપતિ, હેજો તે સદા સન્મતિ,
વિપ્રો દ્વાજ બજો મને હર નિશે, જે બ્રાહ્મણોની ગતિ;
ચેતાવું બ્રહ્મત્વ સાધન કરો, સુખી હવે તો થશો,
પ્રણમું દેવી સરસ્વતિ કરી કૃપા, જીહ્વાગ્રે આવી વસો.
ૐ વેદ પુરૂષાય નમઃ ધીઃ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ભૂદેવો, આપણા વડીલ ઋષિમુનિ કે જે અરણ્યનાં ફળ ફૂલ ખાઇ જીવનનું સાફલ્ય ગણતા હતા, જે વહેતા નિર્મળ ઝરાનાં પાણીથી દિવસો વ્યતિત કરતા હતા, જે પરબ્રહ્મ પરમાત્મામાં અડગ શ્રદ્ધા રાખી લીન હોઇ એકતાન થઇ રહેતા હતા, જે બ્રહ્મચર્યના પ્રતાપથી અને કર્મ પરાયણ હોઇ દિવ્ય કાંન્તિવાળા હતા, જે ષટ્કર્મનેજ પોતાનું કર્તવ્ય સમજતા હતા, જેના કર્મકાન્ડના પ્રતાપથી ત્રણે વર્ણ થર થર કાંપતા હતા, જેનાં નેત્રોમાંથી આનંદોત્સવનાં હર્ષાશ્રુ ટપકતાં હતાં, જેનાં જરૂર પડતે ક્રોધાવેશ વખતે નેત્ર કમળમાં અગ્નિ વરસતા હતા. જે કલ્પવૃક્ષસમ ઇચ્છતા તે કરી શકતા,

એવા આપણા વડીલોના આપણે દિવ્ય વારસદારો દિવા પછવાડે અંધારારૂપે પ્રગટ થએલા છીએ, અને ઘેર ઘેર રખડતા ભટકતા થયા છીએ. તે ઘણીજ શરમની વાત છે. આપણે પણ તેના તેજ છીએ, જે ધારીએ તે કરી શકવા સામર્થ છીએ, પરંતુ પ્રમાદ, ઇર્ષા, દીર્ઘ-સુત્રતાથી આપણે આપણો હોદ્દો ખોઇ બેઠા છીએ.

શાર્દુલવિક્રીડિત.

આવ્યો છે કળિકાળ હાય જુગમાં, બ્રહ્મત્વ તો જાય છે,
ઇર્ષા, આળસુ, દીર્ઘ સૂત્ર બની ને, પાપી પુરા થાય છે;
જે ભૂદેવ તણા પદે અવનિમાં, પ્રેમે પૂજે પાય રે,
એવા બ્રાહ્મણ નામ ધારીજ રહ્યા, હૈયું બળે હાય રે.
ઉઠોને નિજ શ્રેષ્ઠ બાન્ધવ તમે, હોંશે કરો કર્મને,
ષટ્કર્મો શુભ પાળી શાસ્ત્ર રીતીના, વૃદ્ધિ કરો ધર્મને,
વેદોને સમજી હવે કર ગૃહો, ઉત્સાહ અંગે ધરો,
શું લજવો છો હાય જનુનિ, બ્રહ્મત્વ વૃદ્ધિ કરો.

માટે મારા પ્રિય બન્ધુઓ! ચેતો, ચેતો, હજુ વખત ઘણો છે, અને જાગ્યા ત્યાંથી સવાર ગણી સાત્વીકી શ્રદ્ધા વધારી કર્તવ્યપરાયણ થાઓ. કહ્યું છે કેઃ– **महाजनो येन गतः स पन्थाः** ભ. ગી, અ. ૩ શ્લોક ૨૧ નો સારાંશ–"શ્રેષ્ટ પુરૂષ જે જે શુભા શુભ કર્મ કરે છે તે કર્મનેજ શ્રેષ્ટ માનનાર બીજાં માણસો પણ કરે છે." ને તે શ્રેષ્ટ પુરૂષ જે વાતને સત્ય ગણે છે, તેને અન્ય લોક સત્ય ગણીને અનુસરે છે. માટે જે આપણા વડીલો જે રસ્તે ચાલતા ને વિચરતા હતા, તે રસ્તે પાછળની સંતતિએ ચાલ્યા જવું એજ ખરો માર્ગ અને ખરો

ધર્મ છે, માટે તે આપણા (પાછલી સંતતિના) સુખને સારૂ વેદો, શાસ્ત્રો અને પુરાણો ઘણોજ પરિશ્રમ લઇને બનાવી ગયા છે, કારણ કે,-"દાટયું ભુલાય પણ લખ્યું ભુલાતું નથી, જેથી બ્રાહ્મણોનું રહસ્ય શેમાં સમાયેલું છે. તે દેખાડવા અને યાદિ રાખવા ઉપરના પુસ્તકો રચાયાં છે. તેમાં લખે છે કે:- "ब्रह्मतेज वृद्धि" અને अहः रहः संन्ध्या मुपासितः વિગેરે વિગેરે.

(૧) બ્રહ્મતેજ વૃદ્ધિ એટલે શું? અને તે કેમ થાય? તેને માટે અત્રે જરા વિવેચન કરવાની જરૂર છે તો મારા વાચક વૃંદો વાંચી વિચારો કે હું કોણ? ને મારૂં કર્તવ્ય શું? તેનો વિચાર કરી શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરવા કૃપાવંત થઇ લીધેલો શ્રમ પાર પાડશો એવી મારી દિન યાચના છે.

(૧) બ્રહ્મતેજવૃદ્ધિ.

जंतुनांनरजन्म दुर्लभमतः पुस्त्यं ततो विप्रता ।
तस्माद्वैदिकधर्ममार्गपरताविद्वत्वमस्मात्परम् ॥
आत्मानात्मविवेचनंस्वनुभवो ब्रह्मात्मनासंस्थिति ।
मुक्तिर्नोसतजन्मकोटिसुकृतैः पुण्यैर्विनालभ्यते ॥ २ ॥

વિવેક ચુડામણિ.

અર્થ-પ્રાણિઓમાં માણસનો જન્મ મળવો દુર્લભ છે, તેમાં પુરૂષપણું મળવું દુર્લભ છે. તેમાં પણ બ્રાહ્મણપણું મળવું દુર્લભ છે, તેમાં પણ વેદોકત ધર્મના માર્ગનું તત્પરપણું દુર્લભ છે, તેમાં પણ

વિદ્વાનપણું દુર્લભ છે, તેમાં પણ આત્મા તથા અનાત્માનો વિવેક મળવો દુર્લભ છે. તે થયા પછી પણ સ્વરૂપનો અનુભવ થવો દુર્લભ છે, અને તે થયા પછી પણ બ્રહ્મ રૂપે રહેવું એટલે મુક્તિ થવી એ દુર્લભ છે, માટે મુક્તિ સેંકડો જન્મોમાં કરેલાં કરોડો પુણ્ય વિના મળતી નથી.

આ સૃષ્ટિમાં ચોરાશિ લક્ષ યોનિમાં ઘટમાળની પેઠે જીવ ભટક્યા કરે છે. અને કર્માનુસાર ગતિ કરે છે. કહ્યું છે કેઃ—" यामातिसा गतिर्भवेत् " હવે આ ચોરાશીલક્ષ યોનિમાંથી કોઇ પુણ્યના પ્રભાવે સર્વોત્તમ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. બાકીના ત્રાશી લક્ષ યોનિવાળા જીવો સંસાર સમુદ્ર ભક્તિ નાવથી તરવાને શક્તિમાન નથી, માટે સદ્વર્તન, સત્કર્મ, ને સદાચારથી વર્તવું, અને પોતપોતાના કર્તવ્યમાં કુશળ રહેવું. તે માટેજ મનુષ્યાવતારની પ્રાપ્તિ છે. તેમાં વળી અનુક્રમે કર્માનુસાર ચાર વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિ વૈશ્ય અને શુદ્ર) છે. તેથી આપસ્તબ ધર્મસુત્ર શ્રુતિમાં કહે છે કે;— जन्मना जायते शुद्रः संस्काराद्द्विज उच्यते ॥ દાખલો શુક્રનીતિમાં ચોથા અધ્યાયના ચોથા પ્રકરણના શ્લોક ૩૮ માં લખવાથી પૂર્વનું ભાન થાય છે કેઃ—

विश्वामित्रोवशिष्ठश्च मतंगोनारदादयः ।
तपोविशेषैःसंप्राप्ता उत्तमत्वं नजातितः ॥ ३८ ॥

અર્થ— વિશ્વામિત્ર, વસિષ્ટ, માતંગ અને નારદાદિ ઋષિઓ તપો વિશેષથી ઉત્તમપણાને પામ્યા છે. પણ જાતિથી નહિ, માટે કર્મે કરી વર્ણ બંધાય છે, તેવા વર્ણમાં પણ ઉત્તમોત્તમ બ્રાહ્મણને ત્યાં

જન્મ હવે એમાં પૂછવું શું? તેનો જરા વિચાર કરવાનો શ્રમ વાંચક વૃંદનેજ સોંપું છું.

"ભૂદેવ" આપને આ નામનું પદ ક્યાંથી અને કેમ મળ્યું છે, તેની તો ખબર હશે? ભાગવતમાં લખે છે કેઃ-

देवाधिनंजगत्सर्वं मंत्राधिनाश्च देवताः ।

ते मंत्राब्राह्मणाधिनां ब्राह्मणो ममदैवतम् ॥

અર્થ-આખું જગત પરમાત્માને આધિન છે. પરમાત્મા મંત્રને આધિન છે, અને એ મંત્રો બ્રાહ્મણનેજ આધિન છે. જેથી બ્રાહ્મણો મારૂંજ દઇવત છે અર્થાત હુંજ છું. તેથી બ્રાહ્મણોજ સાક્ષાત્ દેવ રૂપ છે, ઉપલા કારણથી બ્રાહ્મણો "ભૂદેવ" એટલે પૃથ્વિના દેવ તરીકે ઓળખાય છે અને તે ખરૂંજ હોવું જોઇએ એમ અનુમાન થાય છે. કારણ-ચાર વર્ણોમાં ઉત્તમોત્તમ બ્રાહ્મણજ છે અને તે ત્રણે વર્ણને પુજ્ય અને વંદનિય છે, આવો જે શ્રેષ્ટ બ્રાહ્મણનો અવતાર તેને આપણા ઘણા બંન્ધુઓ પ્રમાદ, દીર્ઘ સુગતા, અને ઇર્ષાથી વ્યતિત કરે છે આ કેવું આશ્ચર્ય છે !

બ્રહ્મતત્વ મહત્તા લલીત છંદ.

બ્રાહ્મણો ઉઠો ધ્યાનમાં ધરો, બ્રહ્મત્વ જાય છે વા'રતો કરો;
કેમ જોઇને સુઇ જાઓ છો, પ્રમાદિ, દિર્ઘ સુગી કેમ થાઓ છો.
દિલ.નથી અભીમાન બ્રહ્મનું, મહત્વ ના ગણે ષટ્ કર્મ નું . . .
દુષ્ટ બુદ્ધિએ ડાટ વાળતા, કર્તવ્ય તો નથી શુદ્ધ પાળતા- ૧

શ્રદ્ધા ના મળે દીલમાં જરા, ઉદર નિમિતે ફરતા ગાભરા
ધર્મ પાળવા વખ્ત છે ઘણો, એમ બોલતા કાંઇક બ્રાહ્મણો.
ધર્મ કર્મથી ભ્રષ્ટ તો થયા, હૃદયમાં નથી લેશ તો દયા,
અરરજો હવે લક્ષ ના'વશે, બ્રહ્મત્વ પાછું શું હાથ આવશે.- ૨
વાંકાદિન તો જ્યાં સુધી હશે, લક્ષ લાવતાં ઢીલ તો થશે,
જીતિ બાજી લો હાથ છે સમો, હાવે સોગઠી મારી લ્યો તમો.
હૈયે નહિ જરા શું કહીએ થાય છે, શાસ્ત્ર જ્ઞાનના પ્યાલા પાય છે.
ખરૂં અહંત્વ દિલ જ્યારે આવશે, બ્રહ્મત્વ કર ગૃહિ મોક્ષ પામશે.-૩

બાઇઓ આપણે આપણી ઉછરતી પ્રજાના અગ્રેસરો છીએ, આપણા ઘરમાં જે વર્તણુંક ચાલતી હોય તે પ્રમાણે સરળ કુમળાં બચ્ચાંઓના હૃદયમાં છાપ પડી રહે છે. જેમ આપણે કળશે જઇ આવીને હાથ પગ ધોતા નથી, જમવા વખતે વસ્ત્ર બદલાવતા નથી સન્ધ્યા વૈશ્વદેવ કરતા નથી, વૈશ્વદેવતો રહ્યા પરંતુ અગ્નિમાં ઘીનો છાંટો સરખો પણ નાખતા નથી, અતિથી સત્કાર કરતા નથી, અને દેવસેવા, પીતૃતર્પણ, બ્રહ્મભોજન ઇત્યાદિ કાંઇ કરતા નથી તો આપણી સંતત્તિ કેવી વર્તણુંક રાખે તે કહી શકાતું નથી. તેને માટે કહે છે કે, "સોબતે અસર" અને "ધોળું કપડું જેમાં બોળીએ તેવો રંગ લે" માટે બાઇઓ જેમ બને તેમ ધર્મ સાચવો ને શ્રદ્ધાહિન થાઓ નહી. અને બચ્ચાંઓને સુધારો કે ભવિષ્યમાં સુખનો આરો આવે.

બ્રાહ્મણપણું મેળવવા પહેલ વહેલું યજ્ઞોપવિતનું કામ પડે છે. દ્વિજ એ શા ઉપરથી નામ પડ્યું છે? અને દ્વિજ કોને

કહેવો? દ્વિ=બે+જ=જન્મ એટલે (જેના બે જન્મ થયેલા છે) પહેલો જન્મ માતા થકી અને બીજો જન્મ યજ્ઞોપવિત ધારણ કીધા પછી કહો યજ્ઞોપવિતનું કેટલું મહાત્મ્ય-યજ્ઞોપવિતને ધારણ કરવાનું કારણ શું છે? અને તે શું છે? યજ્ઞોપવિત એ બ્રહ્મસુત્ર છે, અને બ્રહ્મનૈમિત્તીક કાર્યો કરવા માટે તે સુત્ર પહેરવામાં આવેલું છે. પરંતુ હાલના કેટલાએક દ્વિજો આવા ઉત્તમ યજ્ઞોપવિતને કુંચિ બાંધવાનો દોરો ગણી તેમાં ઝુડાને ઝુડા અથવા તો એકાદીએ કુંચિ બાંધી રાખે છે તે કેટલી શરમની વાત છે? તેનું કારણ અજ્ઞાનતાજ છે. બાઇઓ હવેથી તેવું થવા ન પામે એ પૂરતું લક્ષમાં રાખજો કારણ તે મહાપવિત્ર યજ્ઞોપવિત કે જે નવ તંતુનું બનેલું છે, અને એકગ્રંથિ છે તે નવ તંતુને વિષે નવ દેવ પ્રતિષ્ઠિત છે, અને ગ્રંથિને વીષે ત્રણ દેવ પ્રતિષ્ઠિત છે, માટે તે તે દેવતાઓને બાંધી તમે સુખ ક્યાંથી ભોગવશો, ઉલટા દુઃખી થવાનાજ ઉપાય છે. કારણ મનુસ્મૃતિ અધ્યાય ૧લો શ્લોક ૮થી૧૦માં જણાવે છે કે;—**आचारः परमोधर्मः** ॥ શુદ્ધ આચાર અને શુદ્ધ વિચાર એજ પ્રથમ ધર્મશાસ્ત્રમાં વર્ણવેલો છે. માટે તે ગ્રહણ કરવો જોઇએ-અને ધર્મમાં મશગુર રહેવું.-

ગઝલ-કવાલી.

નથી પરવા નકી તરવા, અમે તો ધર્મના ઘેલા (ટેક).
ભલે આવો લીઓ લાવો, ભલે આ દેહને તાવો;
અભિમાની કરે દાવો, અમે તો ધર્મના ઘેલા—૧

ભલે આ દેહ પરજાળજો, ભલે કટકા કરી દળજો;
ભલે નિર્ધન થઈ ફરજો, અમે તો ધર્મના ઘેલા—૨
ભલેને લોક ફટકાવે, ભલેને લોક અટકાવે;
ખરો ધર્મ ધરૂં ભાવે, અમે તો ધર્મના ઘેલા—૩
ભલેને જાય સર્વસ્થ, ભલેના કાંઇ રહે હસ્થ;
ભલે ગાત્રે ગળે અસ્થ, અમે તો ધર્મના ઘેલા—૪
ભલેને માન પણ આપે, ભલેને મૂળથી કાપે;
ભલેને ઉચ્ચપદે સ્થાપે, અમે તો ધર્મના ઘેલા—૫
ભલે સ્નેહિ કરે મમતા, ભલેના કોઇને ગમતા;
અમે તો બ્રહ્મમાં રમતા, ખરે આ શબ્દ છે છેલ્લા—૬

હવે બ્રાહ્મણ કોને કહેવો? અને બ્રાહ્મણ એટલે શું? શ્રુતિ કહે છે કે;—"ब्रह्मजानातितीब्राह्मणाः" બ્રહ્મસ્વરૂપનો હાથમાં રાખેલાં આમળાની પેઠે જેને યથાર્થ અનુભવ થએલો હોય તે બ્રાહ્મણ કહેવાય છે. અને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિનાં સાક્ષાત્ વા પરંપરા સાધનોનું જેમાં નિરૂપણ કરેલું છે એવો જે વેદ તેમનું જેને અર્થ રહસ્ય સહિત જ્ઞાન હોય તેપણ બ્રાહ્મણ કહેવાય છે. ગાયત્રી એ વેદના મંત્રોમાં સારભૂત મંત્ર છે, તે મંત્રને ગુરૂદ્વારા અર્થ સહિત યથાવિધિ ઉચ્ચારણ યુક્ત જે જાણતો હોય તથા નિત્યપ્રતિ તે મંત્રનો યથાવિધિ યથાશક્તિ જપ કરતો હોય તેપણ બ્રાહ્મણમાં ગણવા યોગ્ય છે. પ્રથમનું લક્ષણ જીવનમુક્તમાં અને બીજાં બે લક્ષણ બ્રહ્મ થવાને ઇચ્છતા મુમુક્ષુમાં ઘટે છે.

માટે બ્રાહ્મણના દીકરાને યજ્ઞોપવિત દેવાનો અધિકાર મનુ જણાવે છે;–બ્રહ્મતેજની વૃદ્ધિ થવા માટે ખાસ પાંચમે વર્ષે જ ઉપવીત આપવું. મનુસ્મૃતિ અ. ૨જો શ્લોક ૩૭માં **ब्रह्मवर्चस्वकामस्य कार्यं विप्रस्य पञ्चमे ॥**" અથવા પાંચમે વર્ષે કદી ન પહોંચી શકાય તો શ્લોક ૩૬માં "**गर्भाष्टमेऽब्देकुर्वीत ब्राह्मणस्योपनायनम् ॥**" પ્રમાણે આઠમે વર્ષે તો દેવીજ જોઇએ, હાલના કેટલાક દ્વીજો આઠ વર્ષની ઉપરાંત દેછે તે શાસ્ત્ર વિરૂદ્ધ છે અને તે વખતે ગાયત્રીનો મહામંત્ર ગુરૂદ્વારા મળ્યા પછી તે બ્રહ્મકર્મનો અધિકારી થઇ શકે છે. તેથી તેજ વખતે દ્વિજપુત્રો ગુરૂકુળ નિવાસ કરતા અને બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી સંસ્કારને બતાવનારી સંસ્કૃતવિદ્યા તેને સંપાદન કરી કર્તવ્યપરાયણ થતા હતા તે વખત આજે ક્યાં ગયો? તેની ખબર પડતી નથી. આજે તો યજ્ઞોપવિત ધારણ થયું કે તરતજ ભિક્ષાવૃત્તિમાં સામેલ કરી દેછે તેથી જે આચાર્ય દિક્ષા-મળેલી તેનુ વિસ્મરણ થઇ જતાં જડતાને પ્રાપ્ત થાય છે. આ બાબતમાં જેટલો વિચાર કરીએ તેટલો ઓછો છે. માટે ગાયત્રી-મંત્ર તે શું છે?

મંત્રોપદેશ.

(મન માને નહિ, સો ફેરા સમજાવું તોય શું થાય) (એ રાગ)

બ્રહ્મતેજ વધે, જો જાણે ગાયત્રી શું છે મૂખમાં;
ના ભ્રમણ કરે, આ ચોરાશી કેરા અંધા કૂપમાં–ટેક.
ચોવિશ અક્ષર તેના જુદા, સૃષ્ટિમાં તે પહેલા મુદ્દા.
તે તો ભોગવે છે મોટા હુદ્દા, બ્રહ્મતેજ૦ ૧

ગાયત્રી, સાવિત્રી, સરસ્વતિ, તે દિન એક રહે છે ફરતિ;
તેને જાણે છે દેવી સંપત્તિ, બ્રહ્મતેજ૦ ૨
જન્મે જાતિ છે શુદ્ર તણી, બ્રહ્મતેજ માટે ગાયત્રી ભણી,
મૂર્ખ જન ખોવે ચિંતમણી, બ્રહ્મતેજ૦ ૩
પીતા જે પુત્રને બોધ કરે, સુબોધ તે પુત્ર કર્ણે ધરે;
રહેજે ભવસાગર તે સુખે તરે, બ્રહ્મતેજ૦ ૪
પીતા કર્તવ્ય જાણે નહી, સુપુત્ર તે સુધરે ક્યાંથી તહી,
શ્રુતિ ભગવતી પુકારી રહી, બ્રહ્મતેજ૦ ૫
આળશથી કાર્યનો નાશ થશે, ધર્મ કર્મ પણ ડુબી જશે,
પછી ક્યાંથી ગાયત્રી હૃદયે વસે, બ્રહ્મતેજ૦ ૬
ચોવીશ અક્ષરની મેળવણી, દેવી કુંટુંબમાં કેળવણી,
તન, મનથી કરવી ભેળવણી, બ્રહ્મતેજ૦ ૭
દિનદિન ચડતી તેથી થાશે, દુઃખ દારિદ્ર દુરે જાશે,
પરબ્રહ્મનો વાશી કહેવાશે, બ્રહ્મતેજ૦ ૮
આ અષ્ટકને પ્રિતે ધરજો, મુખ પાઠ હમેશાં તે કરજો.
મુખમાં ગાયત્રી ખુબ ભરજો,
હંસરાજ વદે, જન્મ ધર્યો માતાની કૂખમાં,
ના ભ્રમણ કરે, આ ચોરાશી કેરા અંધા કૂપમાં- ૯

તેમજ શ્રી વાર્તિકસારમાં કહ્યું છે કેઃ-

गायत्री सर्वमंत्राणां, शिरोमणितयास्थिता ।

विद्यानामपिते नैतां साधयेत्सर्व सिद्धये ॥

અર્થ—ગાયત્રી સર્વ મંત્રોના તથા વિદ્યાઓના પણ શિરોમણિ-પણા વડે સ્થિત છે, તેથી સર્વ સિદ્ધિને માટે દ્વિજ એને સાધે. એ ઓંકારવડે સંપુટ થએલી, ત્રણ વ્યાહૃતિવાળી દેવી ગાયત્રીને ઉપાસીને જે ધર્મ, અર્થ, કામને મોક્ષ એ ચાર પુરૂષાર્થને સાધતો નથી તે અંધબુદ્ધિવાળો છે. ગાયત્રીવડે દ્વિજપણાને પામીને શ્રેયને માટે જેઓ અન્યમાં પ્રીતિવાળા છે, તેઓ હાથમાંથી ચિંતામણિ મૂકીને રત્નને ઇચ્છે છે અને આવો જે ઉત્તમોત્તમ ગાયત્રી મંત્ર તેને કેટલાક લોકો અપભ્રંશમાં " ગાવત્રી " કહે છે, તેનું કારણ ધર્મ કર્મના રહસ્યથી અજાણપણું છે, દ્વિજોના પુત્રોને યજ્ઞોપવિત વખતે ગાયત્રી મંત્ર અપાય છે. પછી બાળકપણામાં ગુરૂના અભાવે તે મંત્ર ભૂલી જાય છે, અને કૃત્યાકૃત્યનું ભાન રહેતું નથી. તેમ કેટલાક અજ્ઞાનતાથી આવા મંત્રના અજાણ હોવાથી ગાયત્રી એ શું છે ? તેના કેટલા અક્ષર છે ? તે દરેક અક્ષરના કયા અને કેટલા દેવતા છે ? તે કોને અર્પણ થાય છે ? વિગેરે વિગેરે જાણવા માટે " **શ્રી ગાયત્રી પટ્ટ** " કાઢવામાં આવેલો છે. આવાં સાત્વિકી વૃત્તિ વધારનારાં ઉત્તમ પટ્ટો ઘરમાં રાખવાથી બચ્ચાંઓ ધર્મ કર્મ સમજી શકે છે. તેમજ અન્ય અજ્ઞાન મનુષ્યોના જોવામાં આવતાં ધર્મ તરફ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અને તે હાલની ઉછરતી પ્રજાને માટે ઘણાજ લાભમાં છે, જેથી ફકત ચાર આના ઘરમાઉ લઇ આ પટ્ટ ભેટ તરીકે આપવામાં આવે છે. માટે પ્રિય બન્ધુઓ, ધર્મ જીજ્ઞાસુ, સુજ્ઞજનો આ ધર્મ કાર્યમાં મદદ આપશો એવી આશા હું રાખું છું.

જાતિ બ્રાહ્મણ હોય તેણે પણ અર્થ સહિત ગાયત્રીમંત્ર તો જાણવો જ જોઇએ. જેમ વેદમાં કર્મ, જ્ઞાન ને ઉપાસનાનો બોધ છે, તેમ ગાયત્રીમંત્રના પણ ત્રણ અર્થ હોવાથી તેમાં પણ તે ત્રણેનો બોધ છે. જેને જોવાની ઇચ્છા થાય તેણે મહાત્મા શ્રીમન્ નથુરામ શર્મા કૃત "સુબોધ કલ્પલતા" મંગાવી અનુભવ લેવો. એવી રીતે ગાયત્રીમંત્રનો કર્મ, ઉપાસના ને જ્ઞાન એ ત્રણેમાં ઉપયોગી અર્થ યથાધિકાર થઇ શકે છે. અને મનુષ્યને જ્ઞાતવ્યના જ્ઞાન અને પ્રાપ્તવ્યની પ્રાપ્તિ માટે યથાધિકાર જે કર્તવ્ય છે તેનો એમાં સંક્ષિપ્ત બોધ છે. માટે જ તેનો બોધ દ્વિજોને ઉપનયન સંસ્કાર કાળે થાય છે. ગાયત્રીએ દ્વીજોનું પરમ દૈવત છે. તેનો યથાવિધિ જપ કરવાથી આ લોકમાં તથા પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે. માટે ઉપવીત થયાપછી પ્રત્યેક દ્વિજે યથાવિધિ સંધ્યાવંદન તથા ગાયત્રીજપ કર્તવ્ય છે.

બ્રહ્મતત્વોપદેશ.

(મન માને નહિ, સો ફેરા સમજાવું તોય શું થાય?—એ રાગ)

જડબુદ્ધિ જીવ, ખરૂં તત્વશોધિ શિવ કેમ થતો નથી?
પોકારે વેદ, બ્રહ્મતત્વ ગાયત્રી કેમ ગાતો નથી?—ટેક
જ્યોતિ છે સઘળે ઝળહળતી, સત્વગુણીજન હૃદયે બળતી;
રજ, તમ જનમાં રહે છે દરતી, જડબુદ્ધિ૦ ૧
રૂપ, ગુણમાં જેનો પાર નથી, વેદ, શાસ્ત્ર, પુરાણો માંહે કથી;
મોટા ઋષિમુનીઓ થાકયા મથી; જડબુદ્ધિ૦ ૨

ગાયત્રીવેદ જનુનિ છે, બ્રહ્મતત્વ તણું શોધનતે છે;
અમૃત છોડી વિષ શું લેછે, જડબુદ્ધિ૦ ૩
બ્રહ્મજ્ઞાન ને માટે ગાયત્રી, કર્મજ્ઞાને છે સાવિત્રી;
મોક્ષજ્ઞાન માટે છે સરસ્વતિ, જડબુદ્ધિ૦ ૪
પરમપદ માટે જ્ઞાન ઝરો, જપ જાજથી તો ભવસિંધુ તરો;
ફરી જન્મમરણનો ભય હરો, જડબુદ્ધિ૦ ૫
આવ્યો તું શું બ્રાહ્મણ કુખમાં, શ્રદ્ધા વિણ કાઢે દિન દુખમાં;
તું કેવી રીતે પડશે સુખમાં, જડબુદ્ધિ૦ ૬
શિર ધર્મ કર્મનું કરજ ઘણું, દેવગણ, ઋષિને પીતૃ તણું;
કેમ છુટીશ? રાખ પ્રમાદપણું જડબુદ્ધિ૦ ૭
કિર્તી તારી કુળમાં જાશે, અંતકાળે તો હાનિ થાશે;
ચેતિજા રહે નહિ વિશ્વાસે, જડબુદ્ધિ૦ ૮
સમજીને આ અષ્ટક ગાશે, જીવ શિવની એકતાતો થાશે;
સાયુજ્ય મુક્તિ મેળવાશે,
હંશરાજ વદે, ગાયત્રી માતા છે શ્રેષ્ટ સરવથી;
પોકારે વેદ, બ્રહ્મતત્વ ગાયત્રી કેમ ગાતો નથી ?

વાહ ! જે વખતે બ્રાહ્મણને ત્યાં પુત્રજન્મ થાય છે તે વખતે દેવદરબારમાં દુંદુભિનાદ થાય છે. અને સુર્યમંડળમાં સવિતા નારાયણ દેવના દરબારમાં હર્ષના ધ્વની થાય છે કારણ જે સર્વોદ્ધારક બ્રાહ્મણ જ છે. જેથી દેવો તથા સૂર્યનારાયણ પ્રસન્ન થાય છે કે;— મને અર્ધપ્રદાન આપી મારા સંન્ધ્યાયુદ્ધમાં સ્હાયક થશે. તેમજ દરેક દ્વિજે ષટ્કર્મ કરવાની પણ આવશ્યકતા છે.

सन्ध्यास्नानं जपोहोमो दैवताऽतिथि पूजनम् ।
आतिथ्यं विश्वदेवं च षट्कर्माणि दिने दिने ॥ १९ ॥

અર્થ—સ્નાન, સન્ધ્યાવંદન, ગાયત્રીનો જપ, હોમ, દેવતાનું તથા અતિથિનું પૂજન, વૈશ્વદેવકર્મ, તથા આવેલા અતિથિનો સત્કાર આ છ કર્મ બ્રાહ્મણાદિક વર્ણે પ્રતિ દિવસ કરવાંજ જોઇએ. જેથી દરેક બ્રહ્મબીજ હોય તેણે તો અવશ્યમેવ સન્ધ્યાવંદનાદિ કર્મ કરવાની ફરજ આપણા વડીલો (પૂર્વજો) મુકી ગયા છે તો તે પ્રમાણે ફરજો અદાકરી ઋણ મુક્ત થવું જોઇએ. તેમજ ઉપરનાં ષટ્કર્મો પણ કરવાં કે જેથી બ્રહ્મ તેજ વૃદ્ધિ થાય છે.

(૨) અહઃ રહઃ સન્ધ્યા મુપાસિતે ॥

स्रग्धरावृत्त.

आयुः कल्लोललोलं कतिपयदिवस स्थायिनी यौवनश्री
र्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूराः ।
कंण्ठाश्लेषोपगूढं तदपिचनचिरंयास्त्रियाभिः प्रणीतं
ब्रह्मण्यासक्ताचित्ताभवत भवभयाम्भोधिपारंतरीतुम् ॥ ७९ ॥

આયુ-તરંગ જેવું ચંચલ છે. જુવાનીની શોભા-થોડા દીવસ રહે છે. ધન, મનોરથ જેવું છે, વિષય સુખના પ્રવાહ, વર્ષા ઋતુની વિજળીના ચમકારા જેવા છે. અને સ્ત્રીઓએ કરેલું ગાઢ આલિંગન પણ ચિરકાલ રહેતું નથી. માટે હે જનો ? તમે સંસારના ભય રૂપી સમુદ્રના પારને તરીને પહોંચવા માટે બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા થાઓ.

विप्रोवृक्षोमूलकान्यत्रसन्ध्या वेदः शाखाधर्मकर्माणीपत्रं ।
तस्मात्मूलंयत्नतोरक्षणीयं छिन्नेमूलेनैववृक्षो नशाखा ॥ १३ ॥

વૃદ્ધાચારણાખ્યાન અ. ૧૦

અર્થ-વિપ્ર રૂપી એક સુંદર વૃક્ષ છે ને તે વૃક્ષને સંન્ધ્યા એ મૂળ છે, વેદ રૂપી ડાળાં છે, ને ધમ કમ રૂપી પાંદડા છે, તેટલા માટે વૃક્ષનું મૂળ રહે તેવો

યત્ન કરવો. કેમકે મૂળ કપાયાં એટલે ઝાડ કે પાંદડાં ન રહે, માટે અવશ્ય સંન્ધ્યા કરવીજ જોઇએ. જેથી જન્મનું સાર્થક થાય છે. અને એજ આત્મ કલ્યાણ છે.

રામગ્રી.

જીવતર તેનું વૃથા ગયું, સંન્ધ્યાથી જે અજાણ,
શ્રાપ આપે અધિકારીઓ, પીતૃ, દેવ, ઋષિ, બ્રાણ-જીવતર-૧
પ્રાતઃ મધ્યને સાયંમ્, સંન્ધ્યા કરશે ન ત્રણ,
નર્કનો ગામી તે થશે, મુક્ત થાશે ન ઋણ.-જીવતર-૨
આપણે કોણ ? કોના પુત્ર છે ? એવો કરે ના વિચાર,
અધમા અધમ તેને જાણવો, લેખાં લેશે કિરતાર-જીવતર-૩
અંતકાળે જીવ જાય છે, પુણ્ય પાપ લઇનાર;
કરણીએ પાર ઉતારશે, મળે તેવો અવતાર-જીવતર-૪
સંધિ સમે યુદ્ધ થાય છે, દેવ દાનવ ધાર;
અર્ધ્ય બાણો સમજાય છે, પડે દાનવ માર.- જીવતર-૫
આશિષ સૂર્ય આપે ઘણી, જીવો એકસો વર્ષ;
ધન્ય,ધન્ય બ્રહ્મબીજકુળમાં, નહિ તો કયાંથી હર્ષ-જીવતર-૬

"સન્ધ્યા" એટલે સંધિ (બે સમયનું સાથે થવું) તેને સંન્ધ્યા કહે છે. પ્રાતઃકાળે, મધ્યાન્હકાળે તથા સાયંકાળે સૂર્ય મંડળમાં રહેલા પરમાત્માની પ્રણવાદી મંત્રોવડે જે ઉપાસના કરવી તેને સંન્ધ્યા કહે છે. બ્રહ્મ પ્રકાશિકા નામની સંન્ધ્યાના મંત્રોની વ્યાખ્યામાં પણઃ-
"सन्ध्यायते ब्रह्मादीभिरुपास्य ते कालत्रये प्रणवादिर्भिर्मंत्रैर्या सूर्यमंडलाधिष्ठात्री

परमात्मस्वरूपादेवता सासंन्ध्या:" (બ્રહ્માદિવડે ત્રણે કાળમાં પ્રણવાદિ મંત્રોથી સૂર્ય મંડળમાં અધિષ્ઠાતારૂપે રહેલા જે પરમાત્મા દેવની યથાર્થ ઉપાસના થાય છે. તે સન્ધ્યા) એ વચનવડે સિધ્ધ કરેલું છે. તેટલા માટે સંધ્યામાં પ્રાણાયામ, અર્ધ્યપ્રદાન, ઉપસ્થાન અને પ્રણવને ત્રણ વ્યાહૃતિ સહિત ગાયત્રી મત્રનો જપ એ આદિ મુખ્ય કર્તવ્ય છે.

પ્રભાતાભાસ.

(ઉઠ પ્રભાત સમર સેને શ્રી ગણેશદેવા–એ રાગ)

સન્ધ્યા વિની ધર્મકર્મ, જાણો સહુ કાચું–ટેક.
ધ્યાન ધરો બ્રહ્મ કેરૂં, સૂર્યજયોત ફૂટી;
કામ, ક્રોધ, લોભ, મોહ, કાઢો તેને કૂટી–સન્ધ્યા૦ ૧
પ્રાણાયામ પ્રિતે કરો, એક ધ્યાન ધારો;
કષ્ટ દેતા દૂર કરો, વિષય વિકારો–સન્ધ્યા૦ ૨
દ્વિજ સર્વે પ્રેમ લાવી, સન્ધ્યા નિત્ય કરવી;
ધર્મ આપણો સંભાળી, સત્વવૃત્તિ ધરવી–સન્ધ્યા૦ ૩
ભૂદેવોસો અરજ સુણો, હસ્ત જોડી યાચું;
સન્ધ્યા કરી મગ્ન રહેશો, બ્રહ્મનામ સાચું–સન્ધ્યા૦ ૪

પરમાત્માની પૂર્ણ કૃપાથી અગર પૂર્વના પુણ્યથી આપણને સારો હોદ્દો મળ્યો આપણે સંપત્તિવાન થયા છત્તાં કેટલાક લોકો મોટાઇમાં તણાતા જાયછે. પણ જાણતા નથી કે;–સંસાર અસાર છે, કાળચક્ર શિરપર ફરતું છે. ગર્વ કોઇના પણ રહ્યા નથી, તો આપણ કોણ માત્ર. માટે આપણી ફરજો આપણે બજાવી મુક્ત થવું જોઇએ. ઝાડ જેવું જડ વનસ્પતિ પણ ફળ આવતાં નમી જાય છે. કહ્યું છે કે:—

नमन्ति फलीनोवृक्षा नमन्ति गुणीनोजना: ।

सुष्कंकाष्टंच मुर्खंच न नमन्ति कदानच: ॥

માટે સુજ્ઞ બન્ધુઓ, જ્યારે પરમદયાળુ પરમાત્માની પૂર્ણ કૃપા થાય ત્યારે નમી જવું, દિનજનોને આશરો આપવો, અને સ્વભાવમાં દયાવૃત્તિ રાખી ઉદાર ચિત્તે પરોપકાર પરાયણ થવુ એ આપણું ભુષણુ છે. ઝાઝું નહીં પણુ કલાક બે કલાક સ્વસ્થ ચિત્તથી પરમાત્માની અલૌકિક લીલાઓનું સ્મરણુ કરવાની ટેવ રાખવી. તેથી ચિત્ત શુધ્ધ થવા સંભવ છે, ચિત્ત શુદ્ધ થતાં દયા ઉત્પન્ન થાય છે. દયા ઉત્પન થતાં કર્મમાં જોડાવાનું શુદ્ધ હૃદય થાય છે. જેથી કર્મ કરતાં જ્ઞાન સંપાદન થાય છે, અને જ્ઞાનથી મોક્ષના અધિકારી થવા ય છે. માટે જેમ બને તેમ શુધ્ધ આચાર અને શુધ્ધ વિચાર રાખવા મનોબળને ઉત્કંઠીત કરવા પ્રયત્ન કરવો અને આ એક જાતની વડીલોની ફરજ ગણી ધર્મ પરાયણુ થવું જોઇએ.

પરંતુ જડબુધ્ધિથી વેઠીઆ વેઠની માફક કર્મ કરવું નહી, પણુ સાત્વિકી પ્રેમ લાવી નવીન શ્રધ્ધા પુર્વક કર્મ નિષ્કામ કરવાં કે જે કરેલાં કૃત્ય ફળરૂપ નિવડે. આજના કેટલાક દ્વિજો કે જેને પૈસા, માન અને મોટાઇના હોદ્દા મળેલા છે છત્તાં સુધર્યાનું ડોલ ઘાલી અને મોટાઇમાં તણુાતા જાય છે. જેવાં કે;—પરમાત્મા કોણુ? તેનું સ્મરણુ જરાપણુ રહેતું નથી. સાત વાગે ઉઠયા કે તરત બ્રુસ (દંતમંજનથી) દાંત સાફ કરી મુખ સ્પષ્ટ કર્યું કે તરત ઘરમાં બૂમ મારે કે ચાને કેટલી વાર છે? જો ચા તૈયાર હોય તો ઠીક છે

નહી તો સ્નાન કરતાંવેત ચા તો અવશ્ય જોઇએજ: કદાચ ચા ન મળે તો બાઇનો મિજાજ જાય, કેટલીક વખત આરામ લઇ ન્યુસ-પેપર વાંચન કરી આડીઅવળી વાતો કરી ગરમા ગરમ રસોઇ જમવા તૈયાર થઇ પાટલાપર પલાંઠીવાળી ઉદરનો જઠરાગ્નિ હોમ કરી શાન્ત થાય પરંતુ વૈશ્વદેવ શું? સંન્ધ્યા શું? તેને જાણે કોણ? શ્રુતિમાં કહે છે કે:—**अकृत्वावैदिकं नित्यं प्रत्यवायभिवेनरः** (વેદે પ્રતિપાદિત કરેલાં સંન્ધ્યાવંદનાદિક નિત્ય કર્મ નહિ કરીને દ્વિજ પાપરૂપ દોષને પામે છે) આવાં વાક્યોનું સ્મરણ જરા રેતું નથી એ મોટી દીલગીરી છે.

આધુનિક બ્રહ્મ કર્તવ્ય

મનહર છંદ.

આજના બ્રાહ્મણો કેવી રીતે સંધ્યા કરી જાણે,
રીત તેની કહું સહુ ઉર માંહી ભાવે છે,
ત્રભાણી રકાબી રૂડું પંચપાત્ર પ્યાલો પેખો,
ચમચો આચમની કેરી ફરજ બજાવે છે.
વૈશ્વદેવ વેળા કાંડી પેટી લઇ અગ્નિ કરી,
બીડીના ધુમાડા ગોટા ગોટ તો ચલાવે છે.
કોટ તણાં ગુંજીઆં તે ગૌમુખી સમાન ગણે,
એવી હાલના બ્રાહ્મણો સંન્ધ્યા તો ધરાવે છે.
આવું ખાતું આંધળું ક્યાં સુધી પ્રભુ ચાલી રહેશે,
સદ્બુધ્ધિ આપો હવે બ્રહ્મત્વ ડુબાવે છે.
ઉઠો બન્ધુ હોંશ લાવો ધર્મને તોના ડુબાવો,

વિનંતી આ ધ્યાને ધરો હંશરાજ ગાવે છે.

સંધ્યા કરવી પ્રેમથી, મુકી ખટપટ અન્ય,
સુખ સંપત્ત દિન દિન વધે, જીવતર જાણો ધન્ય.

સંધ્યાનું ફળ તથા નહી કરવાથી ઋણ ચડે છે તેનું પ્રમાણ

(આન્હિક આચાર)

सन्ध्याकृत्वात्रिकालं त्रिशतजपकृतं धेनुंत्रीसत्फलस्यात् ।
एत्तत्तेब्रह्मपुत्रा ऋणप्रीतीदवेस द्वादशैर्गोभिलब्धैः ॥
ब्रह्मा, विष्णु, र्महेशो, रवि, यम, वरुणो, सोम, ईंद्राग्नि, पृथ्वि, ।
पितृ, पत्निाद्विगावो नृपशर कृतं चैकधेनुंफलस्यात् ॥

અર્થ–ત્રિકાળ સન્ધ્યા અને ત્રણસો ગાયત્રી જપ કરવા થકી દિન પ્રત્યે ત્રીસ ગોદાનનું ફળ થાય છે. તેમાંથી બ્રહ્મા, વિષ્ણુ, શંકર, સુર્ય, યમ, વરૂણ, સોમ, ઇંદ્ર, અગ્નિ, પિતૃ અને તેમની પત્નિઓ એટલા દેવોને બબે ગાયોનું ફળ જાય છે. તેમજ દેશના રાજાને પાંચ ગાયનું ફળ જાય છે અને કર્તાને (પોતાને) એક ગાયનું ફળ રહે છે.

આ પ્રમાણે બ્રાહ્મણના પુત્રને હમેશાં દેવું ચઢે છે તેમાટે શ્રુતિ પોકારી કહે છે કે;–“ **अहः रहः सन्ध्या मुपासित् ॥** ” માટે અવસ્યમેવ સન્ધ્યાહિન રહેવું નહિ. એટલે સન્ધ્યા હરહમેશ કરવાની આવસ્યકતા આપણા વડવાઓ (પૂર્વજો) સૂચવે છે. વળી કહ્યું છે કે;–

संध्यायेनविज्ञाता संध्यायेन मुपासिता ।

जिवमानोमवेच्छूद्रो मृतश्वाजायतेध्रुवं ॥

અર્થ—સન્ધ્યા જેણે જાણી નથી, અને સન્ધ્યોપાસના કરી નથી, તે દ્વિજ જીવતાં સુધી શુદ્ર જાણવો અને મૂવા પછી કૂતરો થાય છે. જે દ્વિજ સન્ધ્યાહિન છે, તે નિત્ય અપવિત્ર છે. અને સર્વ કર્મમાં અનધિકારી છે. સાત દિવસમાં પ્રાતઃસ્નાન થયું નથી ને ત્રણ દિવસ સન્ધ્યા વિનાના ગયા છે. અને બાર દિવસમાં વૈશ્વદેવ થયો નથી તો તે બ્રાહ્મણ શુદ્ર તુલ્ય થાય છે. સૃષ્ટિમાં બ્રાહ્મણનો જન્મ શામાટે?

બ્રાહ્મણના જન્મનું કારણ.

ज्ञानकर्मो पासनाभिर्देवताराधनेरतः ।

शान्तो, दान्तो, दयालुश्च ब्राह्मणाश्चगुणैः कृतः ॥४०॥

शुक्रनीति अ. १

અર્થ—જે મનુષ્યમાં જ્ઞાન અને તપ વિગેરે ઉત્તમ ગુણો છે, જે દેવની આરાધના કરવામાં પ્રેમ રાખે છે. જે શાંત, જિતેંદ્રિય, અને દયાળુ છે, તેવા ગુણવાળાને બ્રહ્માએ બ્રાહ્મણ બનાવ્યા છે. તેટલા માટે પૂર્વજોનું માન રાખી પૂર્વથી જે કર્તવ્યરૂઢી ચાલી આવે છે તે પ્રમાણે વર્તી સુખી થવું અને આપણા વડીલોની પ્રતિષ્ઠામાં અભિવૃધ્ધિ કરવી એજ આપણી ફરજ છે.

ઉત્તરોતર વિદ્યાનો નાશ થતો જાય છે?

पुरा विद्वत्तासी दुपशमवतां क्लेशहतये
गताकालेनासौ विषयसुखासिद्ध्यै विषयिणाम् ।
इदानींतुप्रेक्ष्याक्षीतितलभुजः शास्त्रविमुखा
महोकष्टंसापि प्रातिदिन मधोधः प्रविशति ॥ २८ ॥

ભ. વૈ. શતક.

અર્થ—પૂર્વે વિદ્વત્તા, સંસારના ક્લેશમાંથી છૂટવાને માટે સંપાદન થતી હતી, કાળે કરીને તેજ વિદ્વતા ત્યારપછી અનુરાગીઓથી સંસારના સુખનું આસ્વાદન કરવાને માટે સંપાદન થવા લાગી અને હવે તો વિદ્વત્તાની તુલનાજ રહી નથી. એટલે ધીરે ધીરે તે દુનિયામાંથી અસ્તજ થતી જાય છે. અહો? એ ઓછી દુઃખની વાતછે?

અસ્તુ-હાલના કેટલાક મારા વ્હાલા બન્ધુઓ બોલે છે કેઃ— અમને કર્મ કરવા માટે ઘણું મન થાય છે. પણ વખત મળતો નથી. પેટને માટે આડાઅવળા ભટકવું પડે છે, માટે પેટનું કરવું કે કર્મ કરવા બેસવું ? એ સંસારિકનું કામ નથી પણ ત્યાગી વૈરાગીનું કામ છે. વાહ ? કેવો વિચાર કેવો સ્વાલ ! શું આવાં પ્રમાદ ભરેલાં વાક્યોથી ઉંચી પાયરીએ ચડાતાં હશે ? માટે આવા સ્વાલનું મુળકારણ અશ્રદ્ધાજ છે. તેને માટે લોક કહેવત ચાલે છે કેઃ—

" ખોળામાં ખાણું પણ ભુખ વગર ભાવે નહિ, અને ગળામાં ગાણું પણ ઉલટ વિના આવે નહિ " એ કહેવત અનુસાર શ્રદ્ધાવિના કોઇપણ કાર્ય કરવાને શક્તિવાન થવાતું નથી. જેથી અરે ! મારા

પ્રિયભ્રાતૃ ! ઉઠો આળસને દૂર કરો અને ખરો ધર્મ બજાવવા તત્પર થાઓ તોજ સુખી થશો કીર્તી વધશે અને પ્રભુપણ પ્રસન્ન થશે. વહેલાં ઉઠવું ૪ થી ૫ નાહી ધોઇ કર્મમાં જોડાવું તો ખુશાથી ૫ થી ૬ સુધીમાં તમારાં કાર્યક્રમનો વખત થતાં મુક્ત થઈ શકશો. માટે પરબ્રહ્મ પરમાત્માના ઋણ મુક્ત થવા મનમાં આનંદોત્સવાનું સાર દિન દિન પ્રત્યે નવિન પ્રેમ લાવી કર્તવ્ય પરાયણ રહેવું અને દ્રઢ શ્રધ્ધાથી ફરજો બજાવવા મારી નમ્ર અરજ છે ॐ શાન્તિ.

શિખરિણી છંદ.

ભણો ભાવે વિદ્યા, સરસ સુખ આભુષણ ધરો;
ૠષિના કુમારો, હૃદય શઠતા સોપરહરો
જુવો પુર્વે કેવા; ઋષિમુનિજનો ઉદ્યમી હતા;
અરે! બન્ધુ ચેતો, હિંમત કદી હારી નહિજતા.

અભિવંદન,

નિરંતર ઇશ્વરનું આરાધન કરનારનેજ ધન્ય છે.

सजातः कोप्यासी न्मदनरिपुणा मूर्ध्निधवलं
कपालं यस्यो च्चैर्विनिहितमलंङ्कार विधये ।
नृभिः प्राणत्राण प्रवणमतिभिः कैश्चिदधुना
नमद्भिः कः पुंसामयमतुलदर्पज्वरभरः ॥२९॥

ભ. વૈ. શતક.

તાત્પર્ય-પ્રાણનું રક્ષણ કરનાર એટલે મરણથી ભય પામનાર અને કોઇ માણસના નમનથી પ્રસન્ન થનારનાં જીવતરને ધન્ય નથી, પણ જેનાં

કપાલને શંકર પોતાની રૂંઢ માળામાં રાખેછે, તે પુરૂષના જીવતરનેજ ધન્ય છે. જે શંકરને સેવે છે. ને તેને શરણુ જાય છે, તેના મસ્તકને પોતાનો ભકત ગણી, શંકર પોતાના કંઠની રૂંઢમાળામાં રાખે છે અર્થાત છાતીપરનો છાતી પર રાખે છે. રામર્ષિ કહે છે કેઃ– **बदा न्यानां जितेंद्रियाणां सत्य संघानां शूराणां च युद्धे निहतानां शिरांसि श्री महादेवः शिरसि बिभर्ति [इत्यागमः]** ઉદાર, જીતેંદ્રિય, સત્યવાદી, શૂર અને સંગ્રામમાં મરાયલાનાં કપાળ–મસ્તક–ખોપરીઓને મહાદેવ પોતાની છાતી ઉપર રાખે છે.

ઉપર લખાયલો લેખ (વૃત્તાંત) જે કોઈ દ્વિજ અમલમાં મુકશે તેનો ઉપકાર માનવાની સાથે ધન્યવાદ આપવાને આ હૃદય ઉત્કંઠા ધરાવે છે અને લીધેલો શ્રમ પણ સફળ ગણાશે. અને નહીં તો–

वृथावृष्टिसमुद्रेषु, वृथातृप्तेषुभोजनम् ।

वृथादानं धनाढयेषु, वृथादिपोदिवापि च ॥ ચાણક્યનીતિ.

અર્થ–સમુદ્રમાં વૃષ્ટિ થવી, તૃપ્તને ભોજન દેવું, ધનવાનને દાન આપવું, તથા દિવસે દિવો કરવો એ સર્વ નકામાં છે. તેમજ આ વિષયનું સમજવું. કારણ કેઃ–આમારી સ્વલ્પ (જડ) બુધ્ધિ શું કામ કરી શકતી હતી ? આ પૃથ્વિમાં શેરને માથે સવા શેર છેજઃ– પણ " **भालेर्भाले मतिर्भिन्ना:** " ચાણક્ય નીતિમાં કહ્યું છે કેઃ–

दानेतपासि शौर्येवा विज्ञाने विनये नये ।

विस्मयो नहिकर्तव्यो बहुरत्ना वसुंधरा ॥

અર્થ–પોતામાં પરોપકાર, ઇંદ્રિય નિગ્રહ, શૌર્ય, વિજ્ઞાન, વિનય, તથા નીતિ રૂપ ગુણ હોય, તેમાં વિસ્મય પામવું નહિ. કેમકે પૃથ્વિમાં એક બીજાથી સરસ ઘણાં રત્ન પડયાં છે, અસ્તુ–કિંબહુના–

પરચુરણ કાવ્ય.

લાવણી.

તમે સુણો વિનતિ એક દ્વિજ બંન્ધુ અમારા
હૃદય બળેને નેત્ર અશ્રુની ધારા
પૂર્વજોની જે રીત ભૂલીને ફરતા
સન્ધ્યા આહ્નિક કર્મ તે નથી કરતા,
ખોટાં રાખી અભિમાન દિલમાં ફૂલે
ઉત્તમ અવતાર ગુમાવે પાણીને મૂલે
શ્રધ્ધા બેઠા છે ખોઇ જોઇ રહે સાંખી,
લક્ષ સુધારે ધરે પ્રમાદી રાખી,
આળસમાં કાઢે દિન બે હાલે મરતા
જાણે છે સરવે વાત ધ્યાન નથી ધરતા
પૂર્વે કીધેલાં પાપ બુધ્ધિ કેમ સૂઝે.
જળ હળતિ પ્રભુની જ્યોત અંતરમાં બૂઝે
કદી કરવાને ષટ્કર્મ વિઘ્નો બહુ આવે
જો રાખે શ્રધ્ધા અડગ તોજ લ્હાવે
અજરામર ધારી દેહ કર્મ નિત્ય કરવું
કર્મનો થાય વિપાક નવ રહે ફરવું.
કરવાં અહઃ રહઃ ષટ્કર્મ શ્રધ્ધા આણીને
શ્રુતિમાં વડીલો તણી ફરજ જાણીને
ચેતાવું પ્રેમે ભાઇ પ્રમાદ ન કરશો
હંસરાજ કરે છે. અરજ ધ્યાનમાં ધરશો.

ગાયત્રી માતાની સ્તુતી.

રાગ–ધન્યાશ્રી.

ધરો નિરંતર ધ્યાન માતનું ધરો નિરંતર ધ્યાન.
કરો સુધારસ પાન માતનું ધરો નિરંતર ધ્યાન–ટેક.
વેદ જનુનિ માતુ ગાયત્રી, વૃત્તિ કરો એક તાન–માતનું. ૧
“નેતિ નેતિ” કાવ્ય બતાવે, પૂર્વ તણું અભિમાન–માતનું ૨
કર્તવ્ય સાચું સમજી એને, કરો ગાયત્રી ગાન–માતનું ૩
સત્ય, સરળતા, નીતિ ગૃહીને, રાખો પૂર્વજ માન–માતનું ૪
રાત્રીનો દિવો ચંદ્ર કહ્યો છે, ભાનુ દિવો દિપમાન–માતનું ૫
સંસાર દિવો ધર્મ ધર્યો છે, દિવો સુપુત કુળવાન–માતનું ૬
વર્ણ ચારમાં ઉત્તમ દેહ છે, કેમ ભૂલો છો ભાન–માતનું. ૭
જીવ મુસાફર ફરતો હીંડે, એ દિન છે મેમાન–માતનું ૮
કર્તવ્ય તેનું પુરું થતામાં, જઈ સુતું સમસાન–માતનું. ૯
હંસરાજ વિનવે ધર્મને ધારો, છોડી સર્વ ગુમાન–માતનું. ૧૦

કુંડળીઓ.

આવ્યો તું અવનિ પરે, કરવાને શુભ કામ,
ધાયો ધન, દારા, અરે, ભૂલ્યો ધર્મ તમામ
ભૂલ્યો ધર્મ તમામ, ન કરવાનાં તેં કીધાં
કરવાનાં જે કામ, લક્ષમાં તેના લીધાં,
ધૂત્યાં તે ધન માલ, ધર્મ તણા આડંબરે,
કરવા ભૂંડો ભાર, આવ્યો તું અવનિ પરે.

ક્ષત્રિકલંક.

તમે નિદ્રામાંથી જાગો વીર, ક્યાં બ્રહ્મતત્વ છુપી ગયું રે
ગયુ હાથથી થાય અધીર, ,,
ઋષિ મુનિએ કીધા વર્ણ ચાર, ,,
શ્રેષ્ટ બ્રાહ્મણ ઉત્તમ અવતાર, ,,
કેમ દુષિત કરો તેને ભાઈ. ,,
છોડો શોધિ લાવો ઉમંગે ધાઇ, ,,
ગાયત્રી વેદ જનુનિ કહેવાય, ,,
તેને તજો કેવી રીતે સહેવાય, ,,
નવ જાણે સંન્ધ્યાની રીત, ,,
ચાહ ડીશીન ઉપર બહુ પ્રીત. ,,
ધર્મ કર્મનો કીધો જેણે નાશ, ,,
પહેરવેશે તો વાળ્યો સત્યાનાશ. ,,
જગ ગણાય છે દૈવાધીન. ,,
દેવ મંત્રથી થાય છે લીન, ,,
એવા મંત્રો બ્રાહ્મણને મુખ, ,,
દેવ ગણવા બ્રાહ્મણની કુખ, ,,
જેથી જગ લોકો કહેછે ભૂદેવ. ,,
સો શ્રધ્ધા રાખી ભાવે કરે સેવ. ,,
નમસ્કારનું નવ ભજે નામ, ,,
ગુડમોર્નિગ, સાહેબજી, સલામ, ,,

હાય ! હાય ! ! આવું બ્રહ્મત્ત્વ જાય, ,,
જોતાં દિલમાં લાગે છે લા'ય, ,,
જુવે જાણે નથી લાગણી લગાર, ,,
આપો એવા બ્રાહ્મણને ધિક્કાર, ,,
ગુરૂ આજ્ઞા લઇ પાળો ધર્મ, ,,
હોંશે પાળો વૈદિક ષટ્ કર્મ, ,,
પ્યાલો બ્રહ્મ રસનો ભરપૂર, ,,
બ્રહ્મત્ત્વ પીવા થાઓ આતુર, ,,
ડુબે સંસાર સમુદ્રે ધર્મ ઝાઝ, ,,
તેને તારવા વિનતિ હંસરાજ, ,,
કરો " **કેશરીયાં** " હોંશે પડો બહાર, ,,
વ્હાલા બ્રાહ્મણો થાઓ તૈયાર, ક્યાં બ્રહ્મતત્ત્વ છુપી ગયું રે.

સ્તુતિ (પ્રાર્થના)

ધર્મનાં દશ લક્ષણો, ગાયત્રી નિત્ય જાપ;
ધર્માર્થ કામ મોક્ષદે, બાળે ત્રિવીધ તાપ–૧
બાળકને સુધારવા, અજાણ કરવા જાણ;
" ગાયત્રીપટ્ટ " રાખજો, કરવા કુળ કલ્યાણ–૨
ગાયત્રી મુખ્ય મંત્ર છે, " બ્રહ્મતેજ " નું નાવ;
રહેજે ભવજળ તારણી, **ગાયત્રી** મુખ ગાવ–૩

ઉત્તમ કુળમાં અવતરી,   નહિ જાતી અભિમાન
તે નર પશુસમ જાણવા,   ધિક્કઃ ફુકાણો કાન-૪
બ્રાહ્મણનું દૈવત ખરૂં,   ગાયત્રીજ ગણાય;
તેને જે જાણે નહી,   બ્રાહ્મણ કેમ ભણાય-૫
યજ્ઞોપવિત લીધા પછી,   " ગાયત્રી " જપ થાય;
ધર્મ કર્મ જો સાચવે,   સ્હેજે મોક્ષ પમાય-૬
" ત્રિપદા " છે તારણી,   ભવ ભયની હરનાર;
તે માટે તેને જપે,   ધન્ય તેનો અવતાર-૭
જન્મી આ જુગમાં અરે,   તેંશો લીધો લાવ;
નવ જાણ્યા "પરીબ્રહ્મ" ને   દિલમાં આણી ભાવ-૮
હાથી દર્ભ બ્રાહ્મણ તણો,   ખડ્ગ વેદ ભણાય;
સૈન્ય સર્વ ગાયત્રીથી,   ગર્જના રણમાં થાય-૯
શ્રધ્ધાથી કારજ સરે,   શ્રધ્ધા દૈવત ધાર;
શ્રધ્ધા વીણ સૌ સુન્ય છે,   શ્રધા ઉતારે પાર-૧૦
પુજ્ય વડીલ સ્વિકારજો,   સ્વલ્પ ભેટ કહેવાય;
सर्व जनाः सुखी भंवतुनः   આશિષ એ દેવાય-૧૧

સમાપ્ત.

છપાઇ બહાર પડયો છે.

ગાયત્રી પટ [છબી].

પહોળી ઇંચ ૧૩×૧૭ ઇંચ લાંબી.

અધિકારી દ્વીજોને માટે ? અત્યુત્તમ લાભ ? ?

શ્રી મોતેશ્વરોજયતિ,

દ્વિજોના ગૃહના શણગારરૂપ તથા કર્મકાંડ વખતે ધ્યાન પુજન ક
આ પટ પાંચ રંગથી ભરપૂર રંગીત તેમ વારનીસ બનાવવામાં આવેલો
ધર્મનાં દશ લક્ષણો તથા ગાયત્રી તેના ચોવીશ અક્ષર અને તે ચોવી
નામ તેમજ પદ પદાર્થ અને શબ્દાર્થ વળી ધર્મનું સ્વરૂપ અને ત્રણ દ્વિજ ...
કે ગાયત્રીદેવી, સુર્યનારાયણ અને દત્તાત્રી એમ ત્રણ ફોટો મુકેલા છે માટે દરેક
દ્વિજોએ આ પ્રતનો લાભ લેવા ચુકવું નહિ. આ કાર્ય તદ્દન પરોપકારાર્થે કર-
વામાં આવેલું છે. માટે દરેક બંધુએ અવસ્ય સામટી પ્રત મંગાવી મદદ કરવી
મુલ્ય ફકત ધરમાઉ ચાર આના આપનારને છબી ભેટ અપાય છે. પોષ્ટ ખરચ
જુદું સમજવું. સામટી એટલે ૧૦૦ લેનારને કમીશન આપશું. શંકરનું જીર્ણો
દ્ધાર કાર્ય અપૂર્ણ રહેતાં આ કાર્યક્રમ કરવાની જરૂર પડી છે. ધરમાઉ એ
રૂપીઆ સુધી રકમ ભરનાર સદ્ગ્રહસ્થને વ્યવસ્થાપક તરફથી પહોંચ મળશે.

મળવાનાં ઠેકાણાંઃ—

મુંબઇ—કાલબાદેવી રસ્તા ઉપર.
બુકસેલર્સ—જેષ્ટારામ મુકુંદજી.
,, વસનજી પરમાણંદ.
,, નારાયણ મુલજી,
,, એન. એમ. ત્રિપાઠી.
એન્ડ કું.
અમદાવાદ-મણિલાલ મગનલાલ,
ત્રિવેદી, રાયપુર, પ ખાલીની
પોળ ચાર શેરી.
બીલખા—ત્રિભુવન વિઠુલજી દવે
(આનંદાશ્રમ).
લોઇજ—જોશી હંસરાજ વિશ્નુરામ.
માંગરોળ. (કાઠીઆવાડ)
વ્યવસ્થાપક.